# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/**૩૯/ક્વા-૩/૧૯-૨૦/૯૭૬-૩૯ તા. ૧૪.૦૨.૨૦૨૦

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, **રાજકોટ** ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૩૯/ક્વા-૩/૧૯-૨૦

અરજદાર: હંસરાજભાઈ નાથાભાઈ ગજેરા , ગામ – રાજકોટ - **સબડીવીઝન** : આજી-૨ રાજકોટ
રજૂઆત કરનાર: **અરજદાર વતી મનીષ** હંસરાજભાઈ નાથાભાઈ ગજેરા **હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૧**
રજૂઆત કરનાર: નાયબ ઈજનેર શ્રી પી.એસ.ધુલિયા -પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૧**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૦૬-૦૨-૨૦૨૦ (ગુરુવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૨-૦૧-૨૦૨૦( બુધવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં સ્થળ તપાસ ની જરૂર હોય ફોરમ કમિટી દ્વારા બંને પક્ષકારોને જાણ કરેલ. ત્યારબાદ સદર કેસની સુનાવણી તા.૦૬-૦૨-૨૦૨૦ (ગુરુવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર હંસરાજભાઈ નાથાભાઈ ગજેરા ગામ -રાજકોટ, તેઓની અરજીના નોંધણી નં: ૩૯/ક્વા-3/૧૯-૨૦, માં જણાવે છે કે,** તેઓના પ્લોટના ગેઈટની સામેનું ટ્રાન્સફોર્મર ફેરવવા માટે આજી–૨ પેટા વિભાગીય કચેરીમાં તા.૧૯–૦૮–૧૯ ના રોજ અરજી આપેલ છે. તેમ છતા – સદર બાબતે કોઈ કાર્યવાહી ન થતા – **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- ગ્રાહક શ્રી હંસરાજભાઇ નાથાભાઈ ગજેરા ની ટ્રાન્સફોર્મર ની જગ્યા ફેરવવાની અરજીના અનુસંધાને પેટા વિભાગીય કચેરી દ્વારા જરૂરી સર્વે કરી અરજદારને રૂબરૂ જણાવેલ કે ટેકનિકલી ટ્રાન્સફોર્મર શિફ્ટ કરવું શક્ય ન હોવાને કારણે સદર ટી.સી. શિફ્ટ થઇ શકશે નહીં. સદર ટ્રાન્સફોર્મર અરજદારની દીવાલથી સાડા ત્રણ ફૂટ જેટલું દૂર છે તેમજ તારીખ.૨૬.૧૨.૨૦૧૯ ના રોજ અરજદારનો ફરીથી સંપર્ક કરી સર્વે કરતા ટ્રાન્સફોર્મર માટેનો પોલ રસ્તા ઉપર ઉભો કરવા માટે જણાવે છે જે ટેકનિકલ શક્ય નથી.

3.૧ ઉપરોક્ત બાબતે ફોરમ કમિટી તા.૨૨-૦૧-૨૦૨૦ ની સુચના મુજબ ફરિયાદી અરજદાર તેમજ સામેવાળા દ્વારા રૂબરૂ સ્થળ મુલાકાત લઇ અરજદારને હયાત ટ્રાન્સફોર્મર નડતરરૂપ ન થાય તે મુજબ શિફ્ટ કરવા માટે સામેવાળા દ્વારા ફરીથી સર્વે કરીને તે મુજબ નું ભાવ પત્રક એસ આર નંબર 1278449 થી રૂપિયા 49965.00 નું ભાવ પત્ર અરજદાર ને તારીખ ૨૧.૦૨.૨૦૨૦ ના રોજ રૂબરૂ પાઠવવામાં આવેલ છે. આમ અરજદારની ફરિયાદ પીજીવીસીએલ પક્ષકાર તરફથી સુખદ નિરાકરણ કરવામાં આવેલ છે.

## :: હુકમ ::

૪.૦ સુનાવણી સમયે ફરિયાદી અરજદાર તેમજ સામાવાળા ની રજૂઆત તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાને આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબના તારણ પર આવી શકાય.

૪.૧ **અરજદાર હંસરાજભાઈ નાથાભાઈ ગજેરા ગામ -રાજકોટ, તેઓની અરજીના નોંધણી નં: ૩૯/ક્વા-3/૧૯-૨૦, માં જણાવે છે કે, તેઓના પ્લોટના ગેઈટની સામેનું ટ્રાન્સફોર્મર ફેરવવા માટે આજી-૨ પેટા-વીભાગીય** કચેરીમાં તા.૧૯.૦૮.૨૦૧૯ ના રોજ અરજી આપેલ છે.

૪.૨ ઉપરોક્ત પેરા નં. ૪.૧ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા પેરા નં. ૩.૧ મુજબ અરજદારની જગ્યા સામે ઉભેલું હયાત ટ્રાન્સફોર્મર નડતરરૂપ ન થાય તે મુજબ શિફ્ટ કરવા માટે સામેવાળા દ્વારા ફરીથી સર્વે કરીને તે મુજબ નું ભાવ પત્રક એસ આર નંબર 1278449 થી રૂપિયા 49965.00 નું ભાવ પત્ર અરજદાર ને તારીખ ૨૧.૦૨.૨૦૨૦ ના રોજ રૂબરૂ પાઠવવામાં આવેલ છે. સદર ભાવપત્રક ની રકમ અરજદાર દ્વારા તા.૦૬.૦૨.૨૦૨૦ ના રોજ રસીદ નં. ૧૨૬૨૯૧ થીરૂ.૪૯૯૬૫.00 ભરપાઈ કરી આપેલ છે.

૪.3 સદર કેઈસમાં ઉપરોક્ત મુદ્દા નં. ૪.૨ મુજબની વિગતે અરજદારના **પ્લોટના ગેઈટની સામેનું ટ્રાન્સફોર્મર ફેરવવા માટે આજી-૨ પેટા-વીભાગીય** કચેરી દ્વારા આપવામાં આવેલ ભાવપત્રક અરજદારે તા.૦૬.૦૨.૨૦૨૦ ના ભરપાઈ કરેલ હોય સદર ટ્રાન્સફોર્મર સર્વે મુજબ દિવસ-30 માં શીફટીંગ કરી આપવા તેમજ કાર્યવાહી પૂર્ણ થયે વિગતવાર અહેવાલ અત્રેના ફોરમ સમક્ષ રજુ કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૩ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૫ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯.